# COVID-19 પછી ગુજરાત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના બજેટમાં આવેલ પરિવર્તનનું વિશ્લેષણ

**Dr. Rasik V. Makvana**
**(Adhyapak Sahayak)**
**PRB Arts and PGR Commerce College, Bardoli**
**Email:- rasikmakvana@gmail.com**
**0009000054814155**

**Abstract:**

COVID-19 મહામારીએ ભારત સહિત ગુજરાત રાજ્યની આરોગ્ય વ્યવસ્થાની મર્યાદાઓને ઉજાગર કરી છે. મહામારી બાદ ગુજરાત સરકારે આરોગ્ય ક્ષેત્રમાં બજેટ ફાળવણીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આ સંશોધન પેપરનું મુખ્ય ઉદ્દેશ COVID-19 પછી ગુજરાત રાજ્યના આરોગ્ય બજેટમાં થયેલા પરિવર્તનનું વર્ષવાર વિશ્લેષણ કરવાનું છે. અભ્યાસમાં 2018-19 થી 2022-23 સુધીના બજેટ આંકડાઓના આધારે આરોગ્ય ખર્ચની વૃદ્ધિ, નીતિગત ફેરફારનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. અભ્યાસમાં સેકન્ડરી ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો  છે. આ અભ્યાસમાં વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મહામારી પછી આરોગ્ય ક્ષેત્રને રાજ્યની વિકાસ નીતિમાં વ્યૂહાત્મક પ્રાથમિકતા આપવામાં આવી છે. સાથે આરોગ્ય બજેટમાં વધારો થયો છે.

## 1. પરિચય Introduction:

COVID-19 એ એક સંક્રમણજન્ય રોગ છે, જે SARS-CoV-2 નામના કોરોના વાયરસથી થાય છે. તેની પ્રથમ ઓળખ ડિસેમ્બર 2019માં ચીનના વુહાન શહેરમાં થઈ હતી. 2020માં COVID-19 એ વૈશ્વિક મહામારી (Pandemic)નું સ્વરૂપ લીધું હતું. અને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા માર્ચ 2020માં મહામારી જાહેર કરવામાં આવી હતી. ભારત સહિત વિશ્વના લગભગ બધા દેશો અસરગ્રસ્ત થયા હતા.

COVID-19 મહામારી એ વિશ્વના મોટાભાગના દેશની સાથે ભારત અને ગુજરાત રાજ્યની આરોગ્ય વ્યવસ્થાની મર્યાદાઓને ઉજાગર કરી છે. વૈશ્વિક મહામારી બાદ ગુજરાત સરકારે આરોગ્ય ક્ષેત્રમાં બજેટ ફાળવણીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આ સંશોધન પેપરનું મુખ્ય ઉદ્દેશ COVID-19 પછી ગુજરાત રાજ્યના આરોગ્ય બજેટમાં થયેલા પરિવર્તનનું વર્ષવાર વિશ્લેષણ કરવાનું છે. અભ્યાસમાં 2018-19 થી 2022-23  સુધીના બજેટ આંકડાઓના આધારે આરોગ્ય ખર્ચની વૃદ્ધિ, નીતિગત ફેરફારનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. મહામારી પછી આરોગ્ય ક્ષેત્રને રાજ્યની વિકાસ નીતિમાં વ્યૂહાત્મક પ્રાથમિકતા આપવામાં આવી છે. સાથે આરોગ્ય બજેટમાં વધારો થયો છે.

## 2. સાહિત્ય સમીક્ષા

COVID-19 મહામારી એ વૈશ્વિક મહામારી હતી. આ મહામારીમાં ઘણા વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે. ભૂતકાળમાં પણ વિશ્વમાં ઘણી મહામારી આવી હતી. ઉપરાંત માનવ સર્જિત આપતી પણ આવેલ હતી. પરંતુ COVID – 19 મહામારીમાં વૈશ્વિક આરોગ્ય માટે લોકોની આંખો ખોલી આપી છે. ત્યાર બાદ આરોગ્ય પાછાળ ફાળવવામાં આવતું બજેટમાં પરીવર્તન જોવા મળે છે.

**1. World Health Organization વેબ સાઇટ (તા. 29-01-2026)**

વિશ્વ આરોગ્ય સંસ્થાની વેબ સાઇટ પરના ડેટા દર્શાવે છે. કે COVID – 19 થી વિશ્વમાં કુલ મૃત્યુ 7.1 M જેટલા થવા પામ્યા છે. જેમાં વિશ્વના વિકસિત દેશોમાં પણ મૃત્યુઆંક સૌથી વધારે જોવા મળે છે. યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરીકામાં મૃત્યુઆંક 1.2M પહોંચ્યો છે. બ્રાઝિલમાં મૃત્યુ આંક 704K થવા પામ્યો છે. અને ભારતનો મૃત્યુ આંક 534K થવા પામ્યો છે.

**2. ગુજરાત રાજ્ય બજેટ ( વર્ષ – 2018 થી 2023 )**

ગુજરાત સરકાર દ્વારા નાણાકીય વર્ષ માટે બજેટ રજૂ કરવામાં આવે છે. અહી, 2018 થી 2023 સુધીના બટેના આંકડાકીય માહિતી ગુજરાત સરકારના બજેટમાથી મેળવવામાં મદદ મળી છે. આ માહિતી જોતાં જણાય છે. કે, કોરોના મહામારી પહેલા આરોગ્ય બજેટમાં જેટલા નાણાં ફાળવવામાં આવતા હતા તેના કરતાં વધારે નાણાં કોરોના મહામારી બાદ ફાળવવામાં આવે છે. અને ક્રમશ: તેમાં વધારો થતો જાય છે.

**3. ગુજરાત રાજ્ય આર્થિક સામાજિક સર્વે**

વર્ષ 2018 થી 2023 સુધીના આર્થિક સામાજિક સર્વેમાં રાજ્યનું સત્તાવાર Socio-Economic Review આપવામાં આવેલ છે જેમાં વિવિધ ક્ષેત્રોના આંકડા સમાવાયેલ છે 2018-19 થી લઈને 2022-23 સુધીના મુખ્ય આર્થિક અને સામાજિક આંકડા પણ સમાવિષ્ટ છે. જેમાં GSDP, Per Capita Income Growth, ખેતી અને હોર્ટિકલ્ચરના આંકડા, ઉદ્યોગો, ઉર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સૌથી મહત્વના અને આ અભ્યાસને જરૂરી શિક્ષણ અને આરોગ્ય વ્યવસ્થાને લાગત આંકડા આપવામાં આવેલા છે.

**4. Kotwani, Priya; Patwardhan, Vaibhav; Pandya, Apurvakumar; Saha, Somen; Patel, G.M.; Jaiswal, S.**

COVID-19 દર્દીઓ દ્વારા થયેલો Out-of-Pocket ખર્ચ અને સ્વાસ્થ્ય-સંબંધિત જીવન ગુણવત્તા પર વિશ્લેષણ, જે આરોગ્ય ખર્ચની બાબતમાં સરકાર અને ઘરે આવતા ખર્ચ બંનેને ભેદ પાડે છે. આ COVID-19 પછી આરોગ્ય વિભાગ પર ખર્ચ અને વ્યક્તિગત ખર્ચનું મૂલ્યાંકન કરે છે. જે પછી સરકારની નીતિઓ/બજેટ ફાળવણીઓમાં પરિવર્તનનું સૂચક પણ બની શકે છે.

**5. Chakraborty, Lekha; Kaur, Amandeep; Shrestha, Ruzel; Jain, Komal**

આરોગ્યસંબંધિત જાહેર ખર્ચ ખાસ કરીને પોષણ અને આરોગ્ય ખર્ચ — થકી ફાળવણી અને વાસ્તવિક ખર્ચ વચ્ચેનું તફાવત અને બજેટનું વિશ્લેષણ. આ પેપર COVID-19 પછી સરકારી

ખર્ચમાં પરિવર્તનને સીધા ટ્રેન્ડ તરીકે દર્શાવતું નથી, પરંતુ રાજ્યની જાહેર આરોગ્ય ખર્ચની ઝાંખી આપે છે અને કલ્પના કરે છે કે આગળ વધતો ખર્ચ જોવ મળે.

**6. ગુજરાત સરકાર આરોગ્ય નીતિ – 2016**

ગુજરાત સરકાર દ્વારા દરેક નાગરિકને આરોગ્યની સારી સુવિધા મળી રહે તે માટે ચોક્કસ નીતિ અપનાવી છે. સારું આરોગ્ય એ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે. સાથે સાથે રાષ્ટ્રના વિકાસમાં પણ આરોગ્ય ખુબજ જરૂરી છે. ગુજરાત સરકર દ્વારા આરોગ્ય નીતિ – 2016 જાહેર કરવામાં આવી છે.

## 5. સંશોધન પદ્ધતિ

**5.1સંશોધનનું સ્વરૂપ**

આ અભ્યાસ વર્ણનાત્મક તેમજ વિશ્લેષણાત્મક સ્વરૂપનો છે. સંશોધનનો મુખ્ય હેતુ COVID – 19 પછી ગુજરાત રાજ્યના બજેટમાં આવેલ ફેરફારનું વિશ્લેષણ કરવાનો છે.

**5.2ડેટાનો પ્રકાર અને સ્રોત**

આ અભ્યાસમાં Secondary Dataનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મુખ્ય ડેટા સ્રોતો નીચે મુજબના સ્થાનોથી લેવામાં આવ્યા છે.

**World Health Organization વેબ સાઇટ**

ગુજરાત રાજ્યના વર્ષ – 2018 થી 2023 સુધીના બજેટ

ગુજરાત રાજ્યના પરિવાર કલ્યાણ વિભાગના અહેવાલો અને અન્ય અહેવાલો

**5.3અભ્યાસ સમયગાળો:**

2018 થી 2023

**5.4સંશોધન પ્રશ્નો**

COVID-19 પૂર્વે ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રનો બજેટીય હિસ્સો મર્યાદિત હતો. મહામારી દરમિયાન હોસ્પિટલ સુવિધાઓ, બેડ, ICU, ઓક્સિજન અને આરોગ્ય કર્મચારીઓની અછત સ્પષ્ટ બની. આ પરિસ્થિતિમાં પ્રશ્ન ઊભો થાય છે કે,

RQ 1. COVID-19 પછી ગુજરાત સરકારના આરોગ્ય બજેટમાં કેટલો અને કેવા પરિવર્તન આવ્યા છે?

RQ 2. પરિવર્તન આરોગ્ય વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે પૂરતું છે કે નહીં?

આ સંશોધન આ પ્રશ્નોના ઉત્તર શોધવાનો પ્રયત્ન કરે છે.

**5.5અભ્યાસના ઉદ્દેશો**

1. ગુજરાત સરકારના મુખ્ય બજેટ અને આરોગ્ય બજેટને ટકાવારી પદ્ધતિથી વિશ્લેષ્ણ કરવું.

2. COVID-19 પછી ગુજરાતના આરોગ્ય બજેટમાં થયેલા વર્ષવાર પરિવર્તનનું વિશ્લેષણ કરવું

3. આરોગ્ય બજેટમાં આવેલ પરિવર્તનને ટ્રેડ એનાલિસિસ કરવું.

## 6. Discussion:

આપેલ કોષ્ટકને આધારે ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવેલ બજેટને આરોગ્ય અને પરિવાર કલ્યાણના બજેટ સાથે તુલના કરવામાં આવેલ છે. સાથે સાથે કુલ બજેટમાં થયેલ વધારો ટકામાં અને આરોગ્ય બજેટમાં થયેલ વધારો ટકામાં તુલના કરવામાં આવેલ છે. તેના પરથી તારણો કાઢવામાં આવ્યા છે કે, કોવીડ – 19 પહેલા અને પછી આરોગ્ય બજેટમાં ગુજરાત સરકાર દ્વારા કેવી નીતિ અપનાવવામાં આવી છે.

**6.1 બજેટ ફાળવણી વર્ષવાર તુલના**

| વર્ષ | કુલ બજેટ | વિકાસલક્ષી બજેટ | વિકાસલક્ષી બજેટ ટકામાં | આરોગ્ય અને પરિવાર ક્લાયાણ બજેટ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ બજેટમાં ટકામાં |
|---|---|---|---|---|---|
| 2018-19 | 182728.16 | 111654.97 | 61.06 | 9605.23 | 8.61 |
| 2019-20 | 202371.71 | 115231.19 | 56.94 | 9822.82 | 8.53 |
| 2020-21 | 214738.47 | 133283.43 | 62.07 | 11225.37 | 8.42 |
| 2021-22 | 223920.40 | 132150.25 | 59.02 | 11304.28 | 8.42 |
| 2022-23 | 241101.75 | 142926.43 | 59.28 | 12206.63 | 8.54 |
| 2023-24 | 297491.06 | 191009.63 | 64.21 | 15140.75 | 7.93 |

સોર્સ – ગુજરાત સરકાર બજેટ પ્રકાશન

વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૩-૨૪ દરમિયાન ગુજરાત સરકારના બજેટ ફાળવણીનું વિગતવાર વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. આ માહિતી ખાસ કરીને રાજ્યના કુલ બજેટ અને તેના વિકાસલક્ષી ખર્ચ વચ્ચેનો સંબંધ આંકડાકીય રીતે દર્શાવે છે. અહીં આરોગ્ય અને પરિવાર કલ્યાણ ક્ષેત્ર માટે ફાળવવામાં આવેલી રકમ અને તેના પ્રતિશત હિસ્સા પર વિશેષ ભાર મૂકવામાં

આવ્યો છે. બજેટના કદમાં થયેલો ક્રમિક વધારો અને સામાજિક સુખાકારી પાછળ થતા રોકાણની ગતિશીલતા આ કોષ્ટક દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે.

કોવિડ -19 વૈશ્વિક મહામારી પહેલા વર્ષ – 2018-19 અને 2019-20 દરમિયાન જે બજેટ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ફાળવવામાં આવેલ છે. તેના કરતાં કોવિડ -19 મહામારી પછીના વર્ષો અર્થતા 2022-23 અને 2023-24માં આ રકમ ડબલ થવા પામી છે. આ આંકડાઓ રાજ્યની આર્થિક પ્રાથમિકતાઓ અને જાહેર આરોગ્ય પ્રત્યેના નાણાકીય અભિગમને સમજવામાં મદદરૂપ બને છે. આમ, આ આંકડાકીય માહિતી ગુજરાતના કોરોના પહેલા અને કોરોના પછીના વર્ષના વિકાસ અને સ્વાસ્થ્યલક્ષી આયોજનનો તુલનાત્મક ચિતાર આપે છે. ગુજરાત સરકારના બજેટ પ્રકાશનો પર આધારિત ટાઈમ સિરીઝ એનાલિસિસ' મુજબ, આરોગ્ય અને પરિવાર કલ્યાણના બજેટમાં આ પ્રમાણેનો ટ્રેન્ડ જોવા મળે છે.

બજેટની રકમમાં સતત વધારો વર્ષ 2018-19 થી 2023-24 દરમિયાન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ફાળવવામાં આવેલી કુલ રકમમાં સતત વધારો થયો છે. 2018-19માં આ બજેટ 9605.23 હતું, જે ઉત્તરોત્તર વધીને 2023-24માં 15140.75 સુધી પહોંચ્યું છે. જોકે, વિકાસલક્ષી બજેટના સંદર્ભમાં આરોગ્ય બજેટની ટકાવારી જોઈએ તો તેમાં સામાન્ય ઘટાડાનો ટ્રેન્ડ દેખાય છે. 2018-19માં તે 8.61% હતું, જે 2020-21 અને 2021-22માં ઘટીને 8.42% થયું હતું. ત્યારબાદ 2022-23માં થોડા વધારા સાથે 8.54% થયું, પરંતુ 2023-24માં તે ફરી ઘટીને 7.93% નોંધાયું છે.

ટૂંકમાં, નાણાકીય ભંડોળની દ્રષ્ટિએ આરોગ્ય ક્ષેત્રે ફાળવણી વધી રહી છે, પરંતુ કુલ વિકાસલક્ષી ખર્ચના પ્રમાણમાં તેનો હિસ્સો 2023-24માં ઘટ્યો છે.

**6.2 આરોગ્ય બજેટમાં થયેલ ટકાવારી વૃદ્ધિ**

| વર્ષ | કુલ બજેટ | કુલ બજેટમાં વધારો ટકામાં | આરોગ્ય બજેટ | આરોગ્ય બજેટમાં થયેલ વધારો ટકામાં |
|---|---|---|---|---|
| 2018-19 | 182728.16 | ---- | 9605.23 | ----- |
| 2019-20 | 202371.71 | 10.75 | 9822.82 | 2.26 |
| 2020-21 | 214738.47 | 17.52 | 11225.37 | 16.87 |

| | | | | |
|---|---|---|---|---|
| 2021-22 | 223920.40 | 22.54 | 11304.28 | 17.67 |
| 2022-23 | 241101.75 | 31.94 | 12206.63 | 27.12 |
| 2023-24 | 297491.06 | 62.80 | 15140.75 | 57.63 |

સોર્સ - ગુજરાત સરકાર બજેટ પ્રકાશન

ગુજરાત સરકારના બજેટ પ્રકાશનોના ડેટાના આધારે નિર્ધારિત ત્રણ મુખ્ય ઉદ્દેશોનું વિગતવાર વિશ્લેષણ નીચે મુજબ છે:

**૧. ગુજરાત સરકારના મુખ્ય બજેટ અને આરોગ્ય બજેટનું ટકાવારી પદ્ધતિથી વિશ્લેષણ**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને રાજ્યના મુખ્ય બજેટ વચ્ચેની તુલના કરતા જણાય છે કે રાજ્યના કુલ બજેટના કદમાં જે રીતે વધારો થયો છે, તેની સરખામણીમાં આરોગ્ય બજેટની વૃદ્ધિ થોડી ધીમી રહી છે. કુલ બજેટમાં વધારો વર્ષ 2018-19 (આધાર વર્ષ) ની સરખામણીમાં 2023-24 સુધીમાં રાજ્યના કુલ બજેટમાં 62.80% નો જંગી વધારો થયો છે. તેની સામે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના બજેટમાં આ સમયગાળા દરમિયાન 57.63% નો વધારો થયો છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો, વિકાસલક્ષી બજેટમાં આરોગ્ય ક્ષેત્રનો હિસ્સો ઘટ્યો છે. 2018-19માં વિકાસલક્ષી બજેટના 8.61% આરોગ્ય માટે ફાળવવામાં આવતા હતા, જે 2023-24માં ઘટીને 7.93% થઈ ગયા છે.

**૨. COVID-19 પછી ગુજરાતના આરોગ્ય બજેટમાં થયેલા વર્ષવાર પરિવર્તનનું વિશ્લેષણ**

COVID-19 મહામારી પહેલા અને પછીના સમયગાળામાં બજેટ ફાળવણીના અભિગમમાં સ્પષ્ટ તફાવત જોવા મળે છે. પ્રી-કોવિડ (2019-20) આ વર્ષે આરોગ્ય બજેટમાં માત્ર 2.26% નો જ વધારો કરવામાં આવ્યો હતો, જે દર્શાવે છે કે મહામારી પહેલા આરોગ્ય બજેટમાં વૃદ્ધિ દર ખૂબ જ સામાન્ય હતો. કોવિડની અસર (2020-21) મહામારીના આગમન સાથે જ 2020-21માં આરોગ્ય બજેટમાં સીધો 16.87% નો મોટો ઉછાળો જોવા મળ્યો. નિરંતર વૃદ્ધિ (2021-22 થી 2023-24) આ ટ્રેન્ડ જળવાઈ રહ્યો અને 2018-19ના આધાર વર્ષની સાપેક્ષે 2021-22માં 17.67%, 2022-23માં 27.12% અને 2023-24માં 57.63% જેટલો કુલ વધારો નોંધાયો છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે COVID-19 પછી સરકારે આરોગ્ય ક્ષેત્રે નાણાકીય ફાળવણી વધારવાની ગતિ તેજ કરી છે.

### ૩. આરોગ્ય બજેટમાં આવેલ પરિવર્તનનું ટ્રેન્ડ એનાલિસિસ

છેલ્લા 6 વર્ષોના (2018-19 થી 2023-24) ડેટાનું ટ્રેન્ડ એનાલિસિસ કરતા નીચે મુજબના વલણો જોવા મળે છે. પોઝિટિવ ટ્રેન્ડ (રકમમાં વધારો) આરોગ્ય બજેટની રકમ સતત વધી રહી છે. 2018-19માં તે ₹9605.23 કરોડ હતું, જે વધીને 2023-24માં ₹15140.75 કરોડ થયું છે. આ એક સતત ઉપર તરફ જતો ગ્રાફ દર્શાવે છે. નેગેટિવ ટ્રેન્ડ (હિસ્સામાં ઘટાડો) ભલે રકમ વધી છે, પરંતુ કુલ વિકાસલક્ષી બજેટની સાપેક્ષમાં આરોગ્ય બજેટનો ગ્રાફ નીચે તરફ જઈ રહ્યો છે. 2022-23માં તે 8.54% હતું જે 2023-24માં ઘટીને 7.93% થયું છે. ગેપ એનાલિસિસ 2023-24માં કુલ બજેટનો વૃદ્ધિ દર (62.80%) આરોગ્ય બજેટના વૃદ્ધિ દર (57.63%) કરતા વધારે છે. આ ગેપ સૂચવે છે કે અન્ય ક્ષેત્રોમાં આરોગ્ય કરતાં વધુ ઝડપે ભંડોળ વધી રહ્યું છે.

### 6.3 સંશોધન પ્રશ્નોના જવાબ

આ સંશોધનમાં મુખ્ય બે સંશોધન પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા હતા. જેમના જવાબો નીચે પ્રમાણે મળેલા છે.

RQ 1. COVID-19 પછી ગુજરાત સરકારના આરોગ્ય બજેટમાં કેટલો અને કેવો પરિવર્તન આવ્યો છે?

COVID-19 મહામારી પછી ગુજરાત સરકારના આરોગ્ય બજેટમાં નોંધપાત્ર અને ઝડપી વધારો જોવા મળ્યો છે. બજેટના આંકડાઓ પરથી આ મુજબના મુખ્ય પરિવર્તનો જોઈ શકાય છે: વૃદ્ધિ દરમાં મોટો ઉછાળો COVID-19 પહેલાના વર્ષ (2019-20) માં 2018-19ની સરખામણીએ આરોગ્ય બજેટમાં માત્ર 2.26% નો જ વધારો થયો હતો. પરંતુ મહામારી આવ્યા બાદ 2020-21માં આ વૃદ્ધિ દર સીધો વધીને 16.87% થઈ ગયો હતો. બજેટની રકમમાં સતત વધારો: મહામારી પછીના વર્ષોમાં આરોગ્ય બજેટની રકમ સતત વધી છે. 2019-20 (પ્રી-કોવિડ) 9,822.82, 2020-21: 11,225.37, 2023-24: 15,140.75 થયેલ છે. 2018-19 ના આધાર વર્ષની સાપેક્ષે જોઈએ તો, 2023-24 સુધીમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ બજેટમાં કુલ 57.63% નો જંગી વધારો થયો છે. ટૂંકમાં, COVID-19 પહેલા આરોગ્ય બજેટમાં જે વધારો ખૂબ ધીમો (લગભગ 2%) હતો, તે મહામારી પછીના વર્ષોમાં ખૂબ ઝડપી બન્યો છે.

RQ 2. પરિવર્તન આરોગ્ય વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે પૂરતું છે કે નહીં?

બજેટના આંકડાઓ પરથી આ બાબતનું વિશ્લેષણ નીચે મુજબ કરી શકાય:

સકારાત્મક પાસું: 2018-19ની સરખામણીમાં 2023-24માં આરોગ્ય બજેટમાં 57.63% નો જંગી વધારો થયો છે. આ આંકડો સૂચવે છે કે સરકાર નાણાકીય દ્રષ્ટિએ આરોગ્ય વ્યવસ્થાને મજબૂત કરવા માટે પ્રયત્નશીલ છે. ખાસ કરીને કોવિડ પછીના વર્ષોમાં (2020-21 થી) બજેટમાં સતત બે આંકડામાં વૃદ્ધિ જોવા મળી છે. તુલનાત્મક પાસું (ધીમી ગતિ) બીજી તરફ, જો આપણે કુલ રાજ્ય બજેટ સાથે સરખામણી કરીએ તો, 2023-24માં કુલ બજેટમાં 62.80% નો વધારો થયો છે, જ્યારે આરોગ્ય બજેટમાં 57.63% નો વધારો થયો છે. નાણાકીય ફાળવણીમાં થયેલો 57.63% નો વધારો ચોક્કસપણે આરોગ્ય વ્યવસ્થાને મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું છે, પરંતુ કુલ બજેટના વિકાસ દરની સરખામણીએ આરોગ્ય બજેટનો વૃદ્ધિ દર થોડો પાછળ છે. તેથી, આ વધારો "પૂરતો" છે કે નહીં તે નક્કી કરવા માટે માત્ર નાણાકીય આંકડા પૂરતા નથી, પરંતુ તે ચોક્કસપણે "વધારેલા ફોકસ" નો સંકેત આપે છે.

## 7. Conclusion

આરોગ્ય બજેટનો ટ્રેન્ડ એવું સૂચવે છે કે સરકાર COVID-19 પછી જાગૃત થઈને રકમમાં મોટો વધારો કરી રહી છે, પરંતુ રાજ્યના કુલ વિકાસ બજેટના ફલકની સરખામણીમાં આરોગ્ય ક્ષેત્રનો હિસ્સો ટકાવારીની દ્રષ્ટિએ સંકોચાઈ રહ્યો છે. અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે COVID-19 પછી ગુજરાત રાજ્યના આરોગ્ય બજેટમાં ઐતિહાસિક વધારો થયો છે. આ વધારો મહામારી દરમિયાન સામે આવેલી ખામીઓનું નીતિગત પ્રતિબિંબ છે. જોકે, આરોગ્યને સંપૂર્ણપણે મજબૂત બનાવવા માટે માત્ર બજેટ વધારો પૂરતો નથી; અસરકારક અમલ, માનવ સંસાધન વિકાસ અને ગ્રામ્ય આરોગ્ય સેવાઓ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. ભવિષ્યમાં ટકાઉ વિકાસ માટે આરોગ્ય ક્ષેત્રમાં રોકાણને સતત અને વ્યાપક બનાવવું આવશ્યક છે.

## 8. References:

1. who.int/dashboards/covid19/deaths તા. 29-01 -2026
2. planning.gujarat.gov.in/director-eco-statistics-guj.htm તા. 29-01-2026
3. cmogujarat.gov.in/gu/gujarat-budget-2024-2025 તા.28-01-2026
4. Government of Gujarat. (2018 - 2024). *Annual financial statement (budget) of the Government of Gujarat for the year 2018-19 to 2024-2025*

5. Das, A., & Pathak, M. (2021). Health expenditure and economic growth in India. *Journal of Asian Economics*, *74*, 101–115.
6. Sharma, R. (2020, April 15). India’s health spending after COVID-19. *The Hindu*.